# GUJARAT CRICKET ASSOCIATION

## UMPIRES ACADEMY

Director:- Amish Saheba

<u>અખબારી યાદી</u>

## જીસીએ અમ્પાયર્સ એકેડેમીની વેબસાઇટનો પ્રારંભ

---

**અમદાવાદ : સપ્ટેમ્બર ૮, ૨૦૧૨ :** ગુજરાત ક્રિકેટ એસોસિયેશન અમ્પાયર્સ એકેડેમીએ સફળતાપૂર્વક ઑગસ્ટ ૨૦૧૨માં એક વર્ષ પુરૂં કર્યું તે નિમિત્તે ગઇ કાલે એકેડેમીની વેબસાઇટ www.gcaumpiresacademy.com શરૂ કરવામાં આવી. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ (કોર્પોરેટ અફેર્સ) શ્રી પરિમલ નથવાણી, જીસીએના સેક્રેટરી શ્રી રાજેશ પટેલ અને અમ્પાયર એકેડેમીના ડાયરેક્ટર શ્રી અમીષ સાહેબાની ઉપસ્થિતિમાં વેબસાઇટનો પ્રારંભ થયો. અમ્પાયર એકેડેમીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો ટેકો છે અને શ્રી નથવાણી જીસીએના ઉપપ્રમુખ પણ છે.

જીસીએ અમ્પાયર્સ એકેડેમી જીસીએના પ્રમુખ અને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ કરવામાં આવી હતી. એકેડેમીની રચના દરમ્યાન જીસીએના બન્ને ઉપપ્રમુખો શ્રી અમિત શાહ અને શ્રી પરિમલ નથવાણીનું માર્ગદર્શન એકેડેમીને પ્રાપ્ત થયું હતું.

વેબસાઇટ પ્રારંભ કરવાની વેળાએ શ્રી નથવાણીએ એકેડેમીના ડાયરેક્ટરને ખાસ સલાહ આપી કે ભાગ લેનાર સૌને એવી સઘન અને વિસ્તૃત તાલીમ આપો કે ભવિષ્યમાં આપણા છોકરાઓમાંથી કેટલાક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળકી ઊઠે.

આ પ્રસંગે શ્રી સાહેબાએ જણાવ્યું કે એકેડેમીએ આ વર્ષે ગુજરાતના વિભિન્ન જીલ્લાઓમાં લેવલ-૧ની ૧૯ બેચો સંચાલિત કરી જેમાં ૬૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેમાંથી ૯૩ વિદ્યાર્થીઓએ લેવલ-૧ સફળતાપૂર્વક પાસ કર્યું હતું. તાલીમ દરમ્યાન પ્રેક્ટિકલ તથા કોમ્યુનિકેશનની કળા ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. કેટલાક સફળ વિદ્યાર્થીઓને આ પ્રસંગે જીસીએ ઉપપ્રમુખ શ્રી પરિમલ નથવાણીના હસ્તે પ્રમાણ-પત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

શ્રી સાહેબાએ એમ પણ જણાવ્યું કે સ્થાનિક અમ્પાયરોને આઇ.સી.સી.ના ધુરંધરો ટોની હિલ અને ડેવિડ બુનની નિષ્ણાત સેવાનો લાભ તેમની અકાદમીની મુલાકાત દરમ્યાન મળ્યો હતો. પહેલીવાર એવું બન્યું છે કે આઇ.સી.સી.એ પોતાના શ્રેષ્ઠ અમ્પાયર અને મેચ રેફરીને સ્થાનિક અમ્પાયરો સાથે હળવા-મળવા દીધા હોય.

જીસીએ અમ્પાયર એકેડેમીએ રિલાયન્સ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ અન્ડર-૧૯ અને અન્ડર-૨૨ તથા સીનિયર ડિસ્ટ્રીક્ટ મેચો માટે અમ્પાયરો ફાળવ્યા હતા. એટલું જ નહિ, બધા જીલ્લા અમ્પાયરોને સરખે ભાગે મેચો આવે તેવી ગોઠવણ કરી હતી જેની પ્રશંસા તમામ ડિસ્ટ્રીક્ટ એસોસિયેશને કરી હતી; તેમ પણ શ્રી સાહેબાએ જણાવ્યું હતું.

જીસીએ અમ્પાયર એકેડેમી હવે આ વર્ષે પોતાના ચુનિંદા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપવાનું પણ વિચારે છે. એકેડેમીની વેબસાઇટમાં ઘણી બધી માહિતી સામેલ કરવામાં આવી રહી છે.

* * *